427

NATIONAL ARCHIVES

427
SVADEŚA kīrtana: deśabhakta Dādābhāīnā māṅgalika janmadivasa nimitte tā. Saṭembara 1910.
Amadāvāda: Svadeśī Mitramaṇḍaḷa, [1910].
32 p. 16 cm.
Nationalistic songs, published on the occasion of the birthday of Dadabhai Naoroji, with prose quotations from Rasabihari Ghosh, Annie Besant, Madanmohan Malaviya, etc.
PP Guj B 24

૭.૫૬.૬૭૫

"स्वदेशसेवैव महाव्रतं स्यात्."

દેશભક્ત દાદાભાઈના માંગલિક જન્મદિવસ નિમિત્તે.

તા. ૪ સપ્ટેમ્બર ૧૯૧૦.

સ્વદેશી કીર્તન.

હિંદના વાઈસરોય નામ લૉર્ડ મીંટો અને સ્વદેશી.

"જો કે, મ્હારા જાણવા પ્રમાણે, તમારી સમાજના હેતુ રાજકિય જીંદગી સાથે કાંઇ પણ સંબંધ ધરાવતા નથી, તોપણ જે વ્યાપારિક મંડળીઓના હમે પ્રતિનિધિ છો તેઓ હમેશા તમારા દેશના ઇતિહાસમાં પોતાની છાપ પાડી શકશે. ઘણી રાજકિય જરૂરીઆતોની સુધારણાને મદદ આપવાનું કાર્ય તમારા હાથમાં છે, તેમજ હુન્નરકળા સંબંધી કેળવણી જે તમારા દેશને માટે પ્રતિદિન ધીરે ને વધારે જરૂરની થતી જાય છે તેનો વિસ્તાર ફેલાવવાનું એ ઘણા દરજ્જે તમારાજ હાથમાં છે; અને વળી "સલામત અને નિર્દોષ માર્ગપર સ્વદેશી હિલચાલપર દેખરેખ અને તેની વ્યવસ્થા" તમારી સમાજને કામ કરવાને માટે પૂરતી તક આપશે. આ મહાન્ દેશનાં અદ્ભુત સાધનો જે તમારા જેવી સમાજને માટે ખુલ્લાં છે તેના તરફ ભક્તિ એ, ઔદ્યોગિક અભિવૃદ્ધિ જેના ઉપર સર્વ દેશની સુસ્થિતિનો મોટા ભાગે આધાર છે તેને આગળ વધારવામાં તમને ઘણો અવકાશ આપશે એવી મ્હારી ખાત્રી છે."

(બેન્ગોલ નેશનલ ચેમ્બર ઑફ કોમર્સના માનપત્રનો ઉત્તર.)

INDIA OFFICE
12 JAN 1933
LIBRARY

પ્રકાશક.

સ્વદેશી મિત્રમંડળ તરફથી

ચંદ્રમણિશંકર જેઠાલાલ પંડિત.
મણિલાલ કેશવલાલ પરિખ. } મંત્રીઓ.

કીંમત અડધો આના. કેશવ બિલ્ડિંગ, ચાર રસ્તા, અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપ્યું. અમદાવાદ.

NATIONAL ARCHIVES OF INDIA

No. 192
(2 C.L. / 1 N.D.)

"Breathes there the man with soul so dead,
"who never to himself hath said,
"This is my own, my native land."

Sir Walter Scott.

NATIONAL ARCHIVES OF INDIA

PP. Guj. B. 24.

INDIA OFFICE LIBRARY

वन्देमातरम् ।
સ્વદેશધર્મ.

---

૧. મારી ભારતભૂમિ–એક અને અભેદ્ય–એમાં મને શ્રદ્ધા છે.

૨. મારી ભારતભૂમિ–અનેક કોટી સંતાનોની પ્રિય માતા–એમાં મને શ્રદ્ધા છે.

૩. મારી ભારતભૂમિ–એના દિવ્ય ઉપદેશમાં મને શ્રદ્ધા છે.

૪. મારી ભારતભૂમિની કૂખે જન્મેલા સંતો અને એના ઉછેરના વીરો–તેઓમાં મને શ્રદ્ધા છે.

૫. મારી ભારતભૂમિ–પૃથ્વીના ઉચ્ચમાં ઉચ્ચ અને પવિત્રમાં પવિત્ર ગિરિવરોથી રક્ષિત મારી અજય્ય ભૂમિ–એમાં મને શ્રદ્ધા છે.

૬. મારી ભારતમાતા જે સાગરના ઉછરંગમાં વીંટાઇ રહેલી છે તેની બલપ્રદ શક્તિમાં મને શ્રદ્ધા છે.

૭. મારી ભારતભૂમિ સૌન્દર્યની મૂર્તિ–સૃષ્ટિદેવીની પોતાની પુષ્પો અને સરિતાથી ભરેલી વાડી–એમાં મને શ્રદ્ધા છે.

૮. એ ભૂમિનો પ્રત્યેક કણ પવિત્ર છે એમ મને શ્રદ્ધા છે.

૯. મારી ભારતભૂમિના પ્રાચીન તનુજોમાં મને શ્રદ્ધા છે, જેઓની શ્મશાનભસ્મ પંચમહાભૂતમાં ભળી જઇને મારા અન્ન અને રુધિરરૂપે બની છે.

૧૦. એ પૂર્વજોના પિંડનો આ મારો પંચમહાભૂતપિંડ બને-

NATIONAL ARCHIVES OF INDIA

હો છે; તેઓના અસ્થિનું મારૂં અસ્થિ બનેલું છે, તેઓના માંસનું-મારૂં માંસ બનેલું છે.

૧૧. સર્વ કાળના અને સર્વ જાતિના ભારતવાસીઓ હમેશ માટે પરસ્પર જોડાએલા છે, એમ મારી શ્રદ્ધા છે.

૧૨. ભારતભૂમિ ઉપર સર્વ જનો, તેઓ ગમે તે વર્ણ કે ધર્મના હો તથાપિ તેઓ સર્વ ભાઇઓ છે એમ મને શ્રદ્ધા છે.

૧૩. દુનીઆદારીના સગપણ કરતાં પણ વધારે વહાલું એવું જે મારૂં દિવ્ય જીવન્ત ભારતપ્રજાત્વનું સગપણ તેમાં મને શ્રદ્ધા છે.

૧૪. મારી ભારતભૂમિના પુરૂષતાના સુવર્ણમય ભૂતકાળમાં અને તેજોમય ભવિષ્યમાં મને શ્રદ્ધા છે.

૧૫ ભારતભૂમિનાં પુરૂષતાના ધર્મ, વીર્ય અને સ્વદેશાભિમાનમાં મને શ્રદ્ધા છે.

૧૬. ભારતભૂમિના જીવનની સુકુમારતા, પવિત્રતા અને નિરહંતામાં મને શ્રદ્ધા છે.

૧૭. ભારતભૂમિ માટે દરેક ભારતવાસીએ જીવવું અને મરવું એમાં મને શ્રદ્ધા છે.

૧૮. આપણે એકજ ભૂમિના છીએ, આપણે એકજ પ્રજા છીએ, આપણી ભાવના પણ એક જ છે અને આપણે એકજ કાર્યપરાયણ છીએ એમ હું માનું છું.

૧૯. મારા સ્વદેશજનની સેવા તે મારા જીવનનો પ્રાણ છે, તથા એજ મારા જીવનનું આદિ તથા અંત છે.

૨૦. આમાં મારી ભારતમાતાની આશીષ હો ? વન્દેમાતરમ્.

NATIONAL ARCHIVES OF INDIA

Swadeshi Keertan

સ્વદેશી કીર્તન.

૧. જય જય ગરવી ગુજરાત.

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત,
દીપે અરૂણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળ કુસુંબી,
પ્રેમ શૌર્ય અંકિત,
તું ભણુવ ભણુવ નિજ સંતતિ સહુને,
પ્રેમભક્તિની રીત—
ક્રાંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરોત.
નદી તાપી નર્મદા જોય,
માહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણને,
રત્નાગર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો,
દે આશિષ જયકાર—
સંપે સોયે સહુ જાત,
જય જય ગરવી ગુજરાત.

NATIONAL ARCHIVES OF INDIA

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગથકી પણ અધિક સસ્સ રંગ.
થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભતો,
વીતી ગઈ છે રાત,
જન ઘુમે નર્મદ સાથ,
જય જય ગરવી ગુજરાત.

સ્વ. કવિ. નર્મદાશંકર.

---

૨ *મહજનપૂજન.

આશાવરીની ધૂનમાં.

આવો અમારા દેશમાં પૂજન તમારૂં થાય છે,
સર્વસ્વ જેના સ્વાર્થનો રસ દેશમાં વહી જાય છે. આવો૦
જેણે ફકીરી આદરી પરમાર્થ જેનો સ્વાર્થ છે,
તે સત્ય વાણી અભયવરદા એકલો પૂજાય છે. આવો૦
જેનું હૃદય ધડકી રહ્યું નિજ દેશના ધડકારમાં.
એ પુનિત સુંદર હૃદયવરનું પ્રેમ પૂજન થાય છે. આવો૦

---

* રા. રા. મગનભાઇ ચતુરભાઇ પટેલના "ક્ષાત્રપાળ પ્રતાપ" માંના આ કાવ્યને પ્રસંગને અનુસરી તેમાં સ્હેજ ફેરફાર કરી અત્રે લીધું છે.

NATIONAL ARCHIVES OF INDIA

જેણે ગણ્યું આ જીવિત સરખું તુચ્છ પરદુઃખ આગળે,
પરમેશ દિવ્ય મનુષ્ય એકજ એજ અહિં પૂજાય છે. આવો૦
જેને હજારો દુઃખ દેશની, અર્થ પુષ્પ સમાન તે,
એ પુષ્પના ભરગુચ્છની મૃદુમાળમાં મ્હેંકાય છે. આવો૦
તે વીર ધીર મહન્ત પ્રેમી આવજો અમ મંદિરે,
જ્યાં હિંદના દાદાતણું છે આદર્યું પૂજન અમે. આવો૦
કુંકુમ ભર્યે પગલે પધારી આંગણું પાવન કરી,
અમ ગરીબજનના હૃદયને અભરે ભરો અમીધારથી. આવો૦

---

૩. દાદાભાઈ ગુણકીર્તન.

" ગીતિ " છંદ.

જયંતી ઉજવાયે, આર્ય જનોના દાદાની આજે;
વધાવીયે પુષ્પોથી, મધુરા રાગે વાજીંત્રો વાજે. ૧
સ્વારથને સળગાવી, દેશદ્રોહીની આહુતી આપી;
પરમારથપણ લીધું, સ્વદેશ માટે પ્રેમ હૃદયે સ્થાપી. ૨
તાજ વિનાના રાજે, ભગિરથ કીધા આભારો બહુને;
જાતિ ભેદ ન રાખ્યો, નિરખીયા નિજ બંધુ સમ સહુને. ૩
વિદેશમાં જઈ વસીયા, સ્વદેશનું દુઃખ દળવાને કાજે;
સ્પષ્ટ રીતે સમજાવી, હિંદતણી આ હાલત છે આજે. ૪
હિંદ હિતાર્થે કીધી, તનમન ધનથી સેવા બહુ સારી;
એ ઉપકારો આજે, સ્મરણ કરે છે ભારતનરનારી. ૫

રા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા.

NATIONAL ARCHIVES OF INDIA

૪. દાદાભાઇ દીર્ઘાયુ હજો.

" હરિગીત " છંદ.

આનંદનો દિન આજનો છે હિંદમાં સઘળે સ્થળે,
શ્રોતા અને માંશય તણાં બહુ હર્ષથી મંડળ મળે;
નિજસ્વાર્થત્યાગી નરતણું દૃષ્ટાંત દિલમાં રાખજો,
એ હિંદહિતકર વીર દાદાભાઈ દીર્ઘાયુ હજો. ૧

કલ્યાણ કરવા દેશનું વિદેશ માંહે સંચરી,
બહુ વર્ષ બહાદુરાઇથી બંધુ તણી સેવા કરી;
નરરત્ન એવા આત્મત્યાગી હિંદ માંહે પાકજો,
એ હિંદહિતકર વીર દાદાભાઇ દીર્ઘાયુ હજો. ૨

બેહદ કર્યા ઉપકાર વારંવાર દાદે દેશને,
સદ્ગુણથી કીર્તિ વધારી; ઠેશ મારી કલેશને;
સિંધણ તણા અધ સુતના ગુણગાનની માળા ભજો,
એ હિંદહિતકર વીર દાદાભાઇ દીર્ઘાયુ હજો. ૩

શુભકાર્યના કરનાર એ અવિચળ રહો અવની વિષે,
કુળમાં દીવો પ્રકટયો અને પ્રકાશ પોહ્યો દશ દિશે;
અમ હિંદના નરનારની વિનતિ પ્રભુ સ્વીકારજો,
એ હિંદહિતકર વીર દાદાભાઈ દીર્ઘાયુ હજો.

જનની જણે તો ભગતજણ કાં ભાત થા દાતાતણી,
શુરવીર પુત્રો જણ જણી, નાહીતો રહેજે વાંઝણી,
આ સમય અધ છે સિંધનો તે આર્યમાતા આપને,
શાબાશ દાદા દેશના દેશવ કરે સહતી ઘણે. ૫

ર. દેશાવલાલ જમનાદાસ પાલણપીવાળા.

૫. ગુણવંતી ગુજરાત.

(મ્હાડ—ગરબી.)

ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત—(ધ્રુવ)
મોંઘેરા તુજ મણિમંડપમાં આ ઝુકી રહ્યા અમ શીષ
માત મીઠી ! તુજ ચરણ પડીને માગિયે શુભ આશીષ !
અમારી ગુણવંતી ગુજરાત ! ૧.

મીઠી મનોહર વાડી આ ત્હારી નંદનવન શી અમોલ
રસફૂલડાં વીણતાં વીણતાં ત્યાં કરિયે નિત્ય કલોલ !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૨.

સંત મહંત અનંત વીરોની વ્હાલી અમારી માત !
જય જય કરવા ત્હારી જગતમાં અર્પણ કરિયે જાત.
અમારી ગુણવંતી ગુજરાત ! ૩.

ઉંડા અંધાર અરણ્ય વિશે કે સુંદર ઉપવન માંય !
દેશ પ્રદેશ અહોનિશ અંતર એક જ ત્હારી છાંય !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૪.

સરસરિતા રસભર અમીઝરણાં, રત્નાકર ભરપુરઃ
પુણ્ય ભૂમિ ફળ ફૂલ ઝઝુમી, માત ! રમે અમ ઉર !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૫.

હિન્દુ, મુસલમિન, પારસી સર્વે,:માત અમે તુજ બાળ;

NATIONAL ARCHIVES OF INDIA

અંગ ઉમંગ ભરી નવરંગે કરિયે સેવા સહુ કાળ !–
અમારી ગુણવંતી ગુજરાત ! ૬.
ઉર પ્રભાત સમાં અજવાળી, ટાળી દે અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતો કરિયે જયજયકાર !–
અમારી ગુણવંતી ગુજરાત ! ૭.
નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત !

રા. અરદેશર ફરામજી ખબરદાર.

---

૬. ભવ્ય ભરતભૂમિ.

(૧)

અમ ભવ્ય ભરતભૂમી આ એ—
વડી બ્રહ્મવેદિ અમ આ એ,
વસિષ્ઠ, વિશ્વામિત્ર, અંગિરા, ભરદ્વાજ, ઉદ્દાલકાદિના
શુદ્ધ સનાતન બ્રહ્મતેજથી જે ઝળહળે સદાએ,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
બ્રહ્મરસે ભીના ઋષિવરની બ્રહ્મવેદિ અમ આ એ !

(૨)

અમ ભવ્ય ભરતભૂમિ આ એ–
વડું તપોવનજ અમ આ એ,
બાદરાયણ વ્યાસ, જૈમિનિ, કણાદ ગૌતમ, કપિલ, પાણિનિ,
પતંજલિ, વાત્સાયન, આદિની

NATIONAL ARCHIVES OF INDIA

પ્રૌઢ વાણી જ્યાં હજુએ ઉત્સુક કર્ણે નિત્ય પીવાંરે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ–
વર્ચસ્વી ધ્યાનલીન મુનિનું તપોવનજ અમ આ એ !

(૩)

અમ ભવ્ય ભરતભૂમિ આ એ–
વડું પુણ્યભુવન અમ આ એ;
બ્રહ્મવાદિની ગાર્ગી અરૂંધતી, મૈત્રેયી, સાવિત્રી સીતા સતી,
દમયંતી, દ્રૌપદી, તારામતી, કમલાવતી, દુર્ગાવતી, કુલવતી,
સતીની શાશ્વત કીર્તિ ગાઇ જ્યાં કુલવધૂ કૃતાર્થ થાયે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
સરસ્વતીની લાડલી સખીનું પુણ્યભુવન અમ આ એ !

(૪)

અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
વડું વીરક્ષેત્ર અમ આ એ,
ભાર્ગવ, રાઘવ, ભીષ્મ, ભીમ ને દ્રોણ, કર્ણ અભિમન્યુ, અર્જુને,
મૌર્ય શકારિ, સિદ્ધરાજને હઠહમીર ચહુઆણ તાજ તે.
પૃથુ જયમલ્લ પ્રતાપ આદિને,
નામે અમર ઉછળે ઉર જ્યાં આર્યતણાં ઉત્સાહે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
સત્કીર્તિરસિક વીરવર્યનું વીરક્ષેત્ર અમ આ એ !

(૫)

અમ ભવ્ય ભરત ભરતભૂમિ આ એ—
વડી કાવ્યકુંજ અમ આ એ,

NATIONAL ARCHIVES OF INDIA

રામાયણ ભારતના ઋષિકવિ; કાલિદાસ, ભવભૂતિ, ભારવિ,
દંડી, બાણ, જયદેવ, હાલ કવિ પ્રવરસેન, સુરચંદ, ચંદરવિ,
તુલસી, પ્રેમાનંદ પુરાકવિ, ભારતેંદુ બંકિમ ત્રિપાઠી વળી,

નવીન પ્રસાદી રસામૃતની જહિં અમૃત અવનવી પાયે:
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
અમર કવીશ્વરની કોટિમણિ કાવ્યકુંજ અમ આ એ!

(૬)

અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
વડી આર્યમાત અમ આ એ,

ચરણ પખાળે જલધિ પ્રીતથી, પદ્મકતુ પૂજે પુષ્પ પત્રથી,
ભાનુ કરે ત્રણ કાળ આરતી, વાયુ વાયે ત્રિવિધ સદાગતિ,
નિર્મળ નદીઓ લલિત લાસ્યથી મૃદુ મર્મર કલરવ-વિલાસથી:
સુજશ ઘોષે દશ દિશે પ્રકાશતી,
પ્રેમતણો ઉપહાર અર્પી વળી જય જય જય જન ગાયે—

જય જય જય જય જન ગાયે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—

ભૂમંડળ મંડન જનનંદન ધન્ય માત અમ આ એ!

રા. કે હ. ધ્રુવ.

NATIONAL ARCHIVES OF INDIA

૭

સ્વદેશભક્તિ.

(રાગ—ધીરાની કઝી.)

સ્વદેશની ભક્તિ રે, કે કોઇ વિરલા જાણે,
સ્વતંત્રતાના સ્સની રે,
લ્હેજત કોઇ પરમાણે.....ટેક,

* * * *

ત્રણે પદાર્થ છે દેશ ભક્તિમાં,
ધર્મ અર્થ વળી કામ;
સ્વદેશ ભક્તને દેશની પ્રીતિ,—
મોક્ષ એ, સુખ કેરૂં ધામ;
કે ઉચે નહિં બીજું રે,
મસ્ત એ દેશ અભિમાને.....સ્વદેશની૦
માટે સ્વદેશીઓ બંધુ મારા,
ધરી અંતર આ ઉપદેશ,
ભરતભૂમિ પામી ઉદય દિનોદિન,
ઉજળી રહે હમેશ,
કે એમ કરો ઉદ્યમરે,
ચુકો ન ચોટ નિશાને.....સ્વદેશની૦

સ્ત. ક. ક. ધ્રુવ.

NATIONAL ARCHIVES OF INDIA

૮ જીવે શું હિન્દમાં એવા ?

(સદા સંસારમાં સુખ દુઃખ સરખા માની લઇએ)

એ તર્જ.

જીવે શું હિન્દમાં એવા કો મૂઢતમા હરામી !
ન બોલ્યા મુખ " મારો દેશ આ મુજ માતૃભૂમિ "—જીવશું !

ઝાકળના મોતી સમા જીવો તે કંગાલ,
ઠાલા આવ્યા ગયા ભુલા પથ્થરવત્ ભુભાર.
ખરતા પીપળાનાં પાંદડાંની પેઠે એ તો,
કોડી મંકોડીના સમાન કાય તે નકામી—જીવે શું !

હોય ખેતાપો છો ઘણા અઢળક ધન ભંડાર,
લુખી કીર્તિ હો ભલે મૃગજળવત્ નભનાર.
મળે તે માટી નીચે જે થકી અવતાર ધર્યા
ફરે ઘાણી તણા જયમ બેલ ફેરા અંધ પામી—જીવે શું !

તેનાં મૃત્યુ પાછળે કોઇ ન રડતી આંખ.
ઉભ ન ગાતી નામને માન તેણી નહિ ઝાંખ.

મહારાજશંકર શર્મા.

NATIONAL ARCHIVES OF INDIA

૯ તેજ સ્વદેશાભિમાની.

(સોરઠો.)

જન્મ ધર્યો જે દેશ તન મનથી તેને ધરો,
વિસારશો ના લેશ સ્વર્ગ જતાં સંભાળજો.
જઈને જોજન લાખ મહાસાગર પારે થજો,
સતની રાખો શાખ વસતા આપ વિદેશમાં.
આ છે મારો દેશ જન્મ ભૂમિ છે માહરી;
ચિતમાં હોય હમેશ દેશ ઉદય દ્રષ્ટિ ધરે.
દેશ દુઃખે દુઃખી જેહ દેશ સુખે સુખિયો થશે;
શાણો સહુમાં તેહ દેશહિતે તન ધન તજે.
પ્રભુભક્તિ પણ એજ દેશભક્તિ દીલમાં ધરે,
નામ સ્મરણ પણ તેજ દેશ દેશ દીલથી જપે.
ન જપે મન કૈલાસ નહી અક્ષર વૈકુંઠને;
થઇ દેશનો દાસ તુચ્છ ગણે સુખ સર્વને.
બ્રહ્મા વિષ્ણુ મહેશ દેશપતિને જાણશે;
વખણાશે તે વેશ રાજ્યભક્ત થઇને રહે.
તન મન ધન કુરબાન સુત નારી સુખને તજે;
ગુણિજન કરશે ગાન ધ્યાન ધરે ધરણીપતી.
પર જનની પઠ જાત તાત ગણો ધિક્કાર તે;
રાખી જગમાં વાત દેશદ્રોહિ જે કો થયો.
મમતા મોટપ માન દેશતણું દીલમાં ધરે;

NATIONAL ARCHIVES OF INDIA

તનમાં આવે તાન સાંભળતાં દેશ વડાઇને.
ખરૂં ગણો નર ધીર દેશતણા અભિમાનને;
વખણાયે ના વીર અન્ય હોય અભિમાન તે.

સ. કૃપાશંકર ઝીણાભાઈ.

---

૧૦ માડીની ઝુંપડી.

ધીરાનું પદ.

દુખિયાંનો વિસામો રે, માડી ત્હારી ઝુંપડી.
રણુવગડાનો છાંયો રે, આંધળીઆંની લાકડી.
કુંજ નિકુંજે લચી વલ્લરી, નિર્ઝરીઆં સંતાય,
અમલ કમલ દલ પર પંખીડાં, બ્રહ્મલીલાને ગાય,
રહીઆળી એ વાડી રે, સોહવતી જે ઝુંપડી.
આજે ખાવા ધાતી રે, નિર્જન રણમાં ઝુંપડી. દુખિયાં૦

ધર્મ કર્મ રસ કસ લુંટાયાં, ઘરઘર વખરી હીર,
છતી સંતતિ સઘ લુંટાયું ખેંચાયાં ઝુંઝ ચીર,
લુંટાતી એ માડી રે, ખાલી ત્હારી ઝુંપડી.
ખાલી તોયે ભારી રે, માડી ત્હારી ઝુંપડી. દુખિયાં૦

વન સંધી ખેતર સૂકવીયાં દવ પ્રેગ્યો ચોપાસ,
રાતી વિજુની આંખડી દેખી, પંખીડાં પામે ત્રાસ.
તેને સોઇ સ્હાતી રે માડી ત્હારી ઝુંપડી.
પોપણીઆં શી પાતી રે આંખી જાડી રાખડી. દુખિયાં૦

NATIONAL ARCHIVES OF INDIA

વન વીંટયાં સીંચાણે સઘળાં, અવશ પડયાં તુજ બાળ
કામ કર્યાને હડધૂત કરીને, રણ વગડે દે માર
અકે લેવા ધાતીરે, તેને માતા રાંકડી
શીળી છાંયે છાતીરે, માડી ત્હારી ઝુંપડી. દુખિયા૦
ચણકણ કાજે વન વન વીંઝે, તુજ બાલૂડાં પાખ
પણ સુખ દુઃખનાં ત્હાણાં લેવા, ઠરતી તુજપર આંખ
અંતે તું સંધરતી રે, માતા મ્હારી દુખણી
પ્રભુનો પથ દાખવતીરે, માડી ત્હારી ઝુંપડી. દુખિયાં૦
તું જ જીવન અમ તું સર્વસ્વ, તું જ સુધાનો સાર
મૂર્તિમતી વત્સલતા દેવી, તું સુરલોકનું દ્વાર.
નંદનવન શી વ્હાલીરે, અમને ત્હારી ઝુંપડી
જન્મભૂમિવત પાળીરે, શણગારીશું ઝુંપડી. દુખિયાં૦

રા. ભાવાભાઈ અમીચંદ પટેલ.

---

૧૧ ધન્ય જીવ્યું જગમાંહ્ય.

(મ્હારો સાથીડા રીસાયોરે કોણ મનાવા જાય, એ રાગ)

માડી દેશની સેવા માનીએ તે ધન્ય જીવ્યું જગમાંહ્ય,
પરહર્યું સૌ સુખ દેશ પછાડી પ્રીતે નમીએ ત્હેને પાય.
સ્વાર્થ પાન લહ્યું વિષ હલાહલ નહિ સ્વપ્ને પણ ભાન,
રોમ રોમ ને રક્ત અણુમાં કેવલ દેશનું તાન
ત્હેને નમીએ નીચાં પાય, (૨) માડી૦
" દેશ ભક્તિસૂર વસન્તવેણું કોકિલ મંજુલ માન, "

અચલે વિમલે અન્તર લહી આ ઝુકવે ઝુમવે પ્રાણ.
નમીએ શતધા ત્હેને પાય. (૨) મીઠી૦
દેશોદય ગિરિપન્થ વિકટ અતિ તદપિ ભડ ભીમ હામ,
સતત કુદે મન " દેશ રડે ત્યાં ધિક્ક લીધો આરામ, "
નિશદી નમીએ ત્હેને પાય. (૨) મીઠી૦
દેશ તાત પીડાતો ભાળી હૈયું ગળી ગળી જાય.
આત્મત્યાગે પણ દેશ ઝગવવા ધર્મનિધિ ગજવાય,
ત્હેને નમીએ લળી પાય. (૨) મીઠી૦
દિવ્યાત્મા હો બુઝર્ગ * દાદા ! સોંપી દેશને કાય,
" અવિચલ આયુ આપો જગપતિ " વિનતિ નમ્ર સદાય;
ત્હને તો પળ પળ નમીએ પાય (૨) મીઠી૦

રા. વસન્ત વિનોદી.

---

૧૨. અમારો દેશ.

અમે ભરત ભૂમિના પુત્રો !
અમ માત પુરાણુ પવિત્ર,
રે જેના સુંદર સુત્રો
ઝલકાવે ઉચ્ચ ચરિત્ર;
અમ અંતરને ઉદ્દેશી

---

* દાદાભાઇ નવરોજજી.

કરશું હોકાર હમેશ;
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૧.

અંધાર વિષે અથડાતો,
કે ફરતાં ભવ્ય પ્રકાશ,
પડતાં રડતાં રગડાતાં
કે કરતાં હાસ્ય વિલાસ;
પળપળ અમ ઉરનિધિ એશી
હા ઉછળે ઉર્મિ અશેષ !
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૨.

ક્યાં હશે હિમાલય જેવો ?
ક્યાં પુણ્ય પવિત્ર જ ગંગ ?
ક્યાં મળે અલૌકિક એવા
સહુ દેશ તણા બહુ રંગ !
ક્યાં મુનિ ઈશ્વરજન બેશી
કરતાં પ્રભુ પંથ ઉજેશ ?—
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૩.

ક્યાં રામ યુધિષ્ઠિર ઘુમ્યા ?
ક્યાં ગાજ્યાં અર્જુન ભીમ ?
ક્યાં રજપુતવીર ઝઝુમ્યા
બલ દાખવવા અસીમ !

NATIONAL ARCHIVES OF INDIA

રે ભૂલીયે તે રીતે શી,
અમ અંતરથી લવલેશ?—
અમે દેશી, દેશી, દેશી!
ઓ દિવ્ય અમારો દેશ! ૪.

નથી રે જીવવું પર આશે;
છે પારકી આશ નિરાશ;
નથી કર ધરવો કો પાસે;
સ્વાશ્રયનો છે ઉલ્લાસ;
કંઇ પુણ્ય અકાજ પ્રવેશી,
અહીં દે અમને ઉપદેશ:—
અમે દેશી, દેશી, દેશી!
ઓ દિવ્ય અમારો દેશ!

ધમ ધમ ધરણી, ધ્રુજીશું,
અમ દેશ તણું કરી ગાન;
જય જય જય નાદ કરીશું;
દઇશું મોંઘા અમ પ્રાણ!—
એ ભક્તિ વશી ઉર, તેશો
દેજો શક્તિ પરમેશ!
અમે દેશી, દેશી, દેશી!
ઓ દિવ્ય! અમારો દેશ! ૫.

અરદેશર ફ. ખબરદાર.

NATIONAL ARCHIVES OF INDIA

૧૩. **પ્રેમોન્મત્ત.**

(હું મસ્તાન પ્રેમની અને કોઈ ના છોડારે, એ રંગ)

હું દિવાનો દેશનો મન કોઇ ન સતાવો,
હોય જે મારા સમા-મારી કને આવો.
હું દિવાનો૦ ૧

તોતા અને કોવા મળી મુજ શિર ન પકાવો;
ડાંપણ બતાવીને વૃથા મુજ દિલ ન દુખાવો.
હું દિવાનો૦ ૨

હોડી વિના સિંધુ તરો હિમત ન હઠાવો;
હથીયાર વિણ ઝુઝી શકો તો સંગ સિધાવો.
હું દિવાનો૦ ૩

વિણ પાંખ ઉડવું આદરી પર જેહ ઉઠાવો;
તે હું દિવાના સાથ સઉ નિજ હાથ મિલાવો.
હું દિવાનો૦ ૪

પકવાન ખાવાં હોય તો તમ મુખ છુપાવો;
જો અગ્નિ ખાવો હોય તો પતરાળી નંખાવો.
હું દિવાનો૦ ૫

હોય તમારૂં મુખ ચહો જો લોભથી લ્હાવો.
જો હોય દિવાનો તે બનો મુજ સંગમાં બાવો.
હું દિવાનો૦ ૬

મુખ આશ કેરા પાશ બાળી ખાખ લગાવો;

બીતિ જલાવો ભડિયાં આ દેશ જગાવો;

હું દિવાનો૦ ૭

નવ પાઘડીનો પ્રેમ ધારી શીષ નમાવો;
નિજ પ્રાણ અર્પો દેશને મક્ક નામ ગુમાવો,

હું દિવાનો૦ ૮

નીરાંત કેરી રાતમાં નિદ્રા નહિ લાવો;
ઉજાગરે આનંદ માનો તો તમે ફાવો.

હું દિવાનો૦ ૯

+ × × × × ×

* * * * * *

શય્યા ચહો જો પુષ્પની તો મ્હોં ન બતાવો;
સુવું હોય શરશય્યા પરે તો દોસ્તીનો દાવો,

હું દિવાનો૦ ૧૦

ઘસી પાય મરવું હોય તો તમ ધામ સુહાવો;
લણવી અમરતા હોય તો ક્ષેત્રે જીવન વાવો.

હું દિવાનો૦ ૧૧

એ દેશનો સંદેશ ને આદેશ છે આવો;
તે રસ સદા હે સંઘવી ! પીવો અને પાવો.

હું દિવાનો૦ ૧૨

ર. ન. પુ. સંઘવી.

NATIONAL ARCHIVES OF INDIA

૧૪ એક દીન એવો આવશે.

એક દીન એવો આવશે;
જ્યારે અમીઝરણો ઝરંતાં પૃથ્વિનેય પલાળશે,
એક દીન એવો આવશે. ટેક.
કળિકાળમાં પણ વીર એવા આર્યભૂમિમાં પાકશે,
નિજવીર્યથી ભુમિભક્તિથી આ સૃષ્ટિનેય ધ્રુજાવશે. એક૦
રામ અર્જુન ભીષ્મ જેવા કર્ણ સંગ પ્રતાપને,
હમિરાજ યોગીરાજ ગુર્જરરાજનેય ભુલાવશે. એક૦
શિબિરાજ ભગિરથરાજસમ પરમાર્થ જીવન ગાળશે,
મેવાડના ભડ ભીષ્મ ચંદારાજને વિસરાવશે. એક૦
પરબ્રહ્મનિષ્ટ વસિષ્ઠ વિશ્વામિત્ર ઋષિના પાદને,
પ્રેમે નમી નિઃસ્વાર્થનેતા આર્યવર્ત-ઉદ્ધારશે. એક૦
આત્મબળ પામી બધા આ પુત્ર ભારતવર્ષના,
નિર્ભય તણી મૂર્તિ બની સૌ સ્વાર્થને તુછકારશે. એક૦
આ દેહ કાચો કુંભ આત્મા નિત્ય દિવ્ય પ્રકાશશે,
દૃઢ સત્યપર એ શત્રુના સંગ્રામમાં સૌ ચાલશે. એક૦
આ દુઃખ ને ભુખનાં પડે પોકાર ચારે દેશથી,
ત્યાંથીય મંગળ ગીતનાં ધ્વનિ મંદ મધુરાં ચાલશે, એક૦
મરૂદેશના જેવી ઉજડ ભુમિ સર્વ ભારતવર્ષની,
ફળ ફુલ્લથી લચી સુંદરી સમ એકલી અહીં મ્હાલશે. એક૦
અહીંથી મહાવીર મ્હારથી ટંકાર કરતા શત્રુના;
પરદેશમાં જઇ રાજ્યના સુખ-ધર્મને શિખવાડશે. એક૦

NATIONAL ARCHIVES OF INDIA

પૂર્વે થયા ન્હોતા વળી સ્વપ્ને ન તર્કયા વીર તે,
આ પૃથ્વીને કરી સ્વર્ગ સરવે દેવનેય ઉતારશે. એક૦

રા૦ મગનભાઈ ચતુરભાઈ.
બી. એ. એલ. એલ. બી.

---

૨૫ **સ્વદેશી હોળી.**

હોરી.

સ્વદેશી પ્રેમે ઉડાવો, ગુલાલ સ્વદેશી—સ્વદેશી૦
દેશીભાઇ સ્વદેશી થઇને, ભારત દેશ દીપાવો,
રાષ્ટ્રિય કેળવણી ગંગાજળ, ઘુંટી ઘુંટી રંગ મીલાવો,
પોતે છાંટી છંટાવો—સ્વદેશી૦ ૧
થઈ દેવાંશી શું ભાઇ લેશો, ધુળ કાદવનો લ્હાવો ?
માલ વિદેશી તે ધુળ કાદવ, પોતે ત્યજી ને ત્યજાવો,
નિડરતા રંગે રંગાવો—સ્વદેશી૦ ૨
દ્વેષ સ્વાર્થનો મલીન મળોમાં, મૂરખ લે મન લ્હાવો,
સજ્જન એ હોળી ના ખેલે, ખેલે ગલીચ ગંદાએ,
હજી ચેતિ ચેતાવો—સ્વદેશી૦ ૩
માંહો માંહેના મમત્વ મૂકીને, પ્રેમી પરસ્પર થાઓ,
મહત્ તત્વ સ્વરાજ્ય સર્વનું અંતિમ સાધ્ય કમાઓ,
આનંદમાં ઝુલી ઝુલાવો—સ્વદેશી૦ ૪

સ્વદેશી.

NATIONAL ARCHIVES OF INDIA

૧૬ હમારી હિંદ માતા તું.

(ગઝલ.)

પરમ સુખની વિધાતા તું, અચળ યશપ્રાપ્ત માતા તું;
હૃદયને ધર્મદાતા તું, હમારી " હિન્દ માતા તું. " ૧

ચરણ પૂજી તુને ભજતાં, જગતનાં દુઃખ ભય તજતાં;
સદા ભક્તિ ઉરે સજતાં, જપું મુખ " હિન્દ માતા તું. " ૨

મણિમુક્તા સુરત્નોથી, રસેલી ઈશયત્નોથી,
પૂજાયેલી પ્રયત્નોથી, હમારી " હિન્દ માતા તું. " ૩

બિચારા બાળ બહુ ત્હારા, સહેતા કષ્ટઅસિધારા,
છતાં ત્હારાજ રહેનારા, ગણીને " હિન્દ માતા તું. " ૪

નહિં પરના થનારા એ, અધર્મના જનારા એ,
રહી નિજ દેશ-ધારાએ; ઉગારશે " હિન્દ માતા તું. " ૫

ઋષિ મુનિ દેવ ગાંધર્વો, ઉજવશે ઉન્નતિપર્વો;
વધી મહિમા મુખે ગરવો; કહીને " હિન્દ માતા તું " ૬

શિશુ નરનારી જય કહેતાં, સહર્ષે આશિશો દેતાં;
વધાવી વારણાં લેતાં; સમરતાં " હિન્દ માતા તું. " ૭

ગુણી ગુરૂ વિપ્ર કે જ્ઞાની; ખરા જે દેશ અભિમાની;
ગણી આ જીંદગી ફાની; ભજે છે " હિન્દ માતા તું. " ૮

શુણી તુજ નામના બોલો; ઉછળતી હર્ષની છોળો,
હૃદયપટ આ થતો પહોળો, કહેતાં " હિન્દ માતા તું. " ૯

ગવાતાં મા ! તમારાં ગીત; હૃદયમાં જે વહે છે પ્રીત,
કહું તે શબ્દમાં શી રીત ? વર્ણું હિન્દ માતા તું. " ૧૦

અજ્ઞાત.

NATIONAL ARCHIVES OF INDIA

૧૭ **હમારી ફકીરી.**

(ગઝલ).

અમે લીધી ફકીરી આ, અમારી ભૂમિને કાજે;
જગાવી ઇશ્કની ધુણી, અમારી હિંદને કાજે.
અમો પૂજા દીધી છોડી, કિતાબો રાખમાં રોળી;
અમે સહુ હિંદને માટે, લીધી વરવી હવે ઝોળી.
ફિરસ્તા મુર્શિદોના સહુ. વચનને દૂર તો કીધાં;
અમૃત સમ સુખ ત્યાગીને, કટુ સમ ઝેરને પીધાં.
કિતાબો વેદ પુરાણો, દીધાં પાણી મહી સરવા;
ખુદાની ન્યાતમાં અમને, અમોને હિંદની પરવા,
અમોને સહુ નસેનસેમાં, બુરો નિશો બધે વ્યાપ્યો;
તમે તેને દફા કરવા, હકીમો શીદને આવો.
તમોને છે પડી ટેવો, મજેદારી ઉડાવાની;
અમારી એ બુરી આદત, વફાદારી ઉઠાવાની.
અમો મસ્તાનના મસ્તાનની એ ઓર મસ્તી છે:
અમારી આ અમારી, હિંદને કાજેજ હસ્તી છે.

---

૧૮ **ખુલ્લખુલ્લ.**

(ગોપીચંદ લડકા, બાદલ બરસે રે, કંચન મેલમાં એ રાગ)

સ્વદેશી બંધુ, જાગો ત્યાગો રે, વિદેશી માલને;
બેહાલ બનાવ્યો નિજ હાથેથી રે, દેશ વિશાળને. ટેક.
જન્મ જનેતાથી પણ અદકી, વ્હાલી જે તમમાત; (૨)
નિજ પુત્રોનાં દુઃખને દેખી, કરતી અશ્રુપાત. સ્વદેશીબંધુ. ૧
મોહક ચીજો માલ વિનાની, ઘાલી ઘરની માંહ; (૨)

દામ દેઇને નામ ગુમાવ્યું, સાંભળી કૂંપે કાય. સ્વદેશી બંધુ૦ ૨
મહા દુઃખના પોકાર પડે છે, રડતા ભૂખથી રંક; (૨)
ચરણ ધરીને મરણ બને છે, સૂતા શું નિઃશંક. સ્વદેશી બંધુ૦ ૩
આર્ય ભૂમિની ઉજ્વળ કીર્તિ, કોદી ના વિસરાય; (૨)
એજ સ્થળેથી અઢળક નાણું, સાગર રસ્તે જાય. સ્વદેશીબંધુ૦ ૪
શુંગારે અંગારા લાગ્યા, ફસીઆ ફેશન માંહ્ય, (૨)
ગર્થ ગુમાવી વ્યર્થ મજાનું, આ પરિણામ જણાય. સ્વદેશીબંધુ૦ ૫
વસ્તુ સ્વદેશી વ્હોરી વીરા, તારો નિજનો દેશ; (૨)
ભૂખનાં દુઃખો જાય સમૂળાં, નિર્ભય રહો હમેશ. સ્વદેશીબંધુ૦ ૬
પડતા ઉપર પાટુ મારે, પ્લેગ અને દુષ્કાળ; (૨)
ભાન કરો નિજ દેશનું ભાઇ, વિનવે કેશવલાલ. સ્વદેશીબંધુ૦ ૭

રા. કેશવલાલ જમનાદાસ પાલખીવાળા.

---

૧૯ ભારત ભૂમિની આરતી.

જય જય ભારત વર્ષ, જય અમ ભરતભૂમિ (મા) ૨
ભગીરથ તુજ ઉપકારો, ગ્રહીએ ચરણ ચુમી. જય જય ભારત માત.
તુજ ઉછંગ ઉમંગ સહ શૂરવીર ઉછર્યા (મા) ૨
દિવ્ય ભૂમિ તુજ માટે દીપક ગુપ્ત થયા. જય જય૦
હજુ રામ પૃથિરાજ પાંડવ સમ થાશે (મા) ૨
શીર સમર્પણ કરીને સુખીયા તે થાશે. જય જય૦
ભડવીર ભારત પ્રતાપ હજુ પણ જગ જાણે, (મા) ૨
તેજ ભૂમિ તું પોતે રત્નતણી ખાણે. જય જય૦

NATIONAL ARCHIVES OF INDIA

રસમય સુવર્ણ ભૂમિ છે તું અમ જનની (મા) ૨
દૃઢ ભક્તિ તુજ પુત્રો કરશે તનમનથી. જય જય૦
તારો દિવ્ય પ્રતાપ, પાછો ઝળહળશે (મા) ૨
દ્યા સમાને સત્યે કીર્તિ કોટ થશે. જય જય૦ ભારતમાત,

છોટાલાલ દોલતરામ.

---

૨૦ वन्दे मातरम् ॥

वन्देमातरम्.

सुजलां, सुफलां, मलयजशीतलां,
शस्यश्यामलां, मातरं,
शुभ्रज्योत्स्नां पुलकितयामिनीं,
फुल्लकुसुमितद्रुमदलशोभिनीं,
सुहासिनीं, सुमधुरभाषिणीं,
सुखदां वरदां, मातरं ॥
सप्तकोटिकंठकलकलनिनादकराले,
द्विसप्तकोटिभुजैर्धृतखरकरवाले,
केवले मा तुमि अबले, ?
बहुबलधारिणीं नमामि तारिणीं,

NATIONAL ARCHIVES OF INDIA

रिपुदलवारिणीं, मातरं ॥
तुमि विद्या, तुमि धर्म,
तुमि हृदि, तुमि मर्म,
त्वं हि प्राणाः शरिरे ॥
बाहुते तुमि मा शक्ति,
हृदये तुमि मा भक्ति,
तोमारइ प्रतिमा गडि मन्दिरे मन्दिरे ॥
त्वं हि दुर्गा दशप्रहरणधारिणी,
कमला कमलदलविहारिणी,
वानी विद्या दाईनीं नमामि त्वम्
नमामि कमलां, अमलां अतुलां,
सुजलां, सुफलां, मातरम् ॥
वन्दे मातरम् ॥
श्यामलां, सरलां सुस्मितां, भूषितां,
धरणीं, भरणीं, मातरम् ॥

(स्व. बंकिमचन्द्र चट्टोपाध्याय.)

ઓન. ડૉ. રાસબિહારિ ઘોષ અને સ્વદેશી હિલચાલ.

" સ્વદેશી હિલચાલ પાશ્ચાત્ય દેશોની વેપારી પ્રજાઓના બંધુત્વના સંબંધમાં દાખલ થવાના નિશ્ચયની પ્રસ્તાવનારૂપે જ છે, અને

તે જો ન બને તો થાપણ અને મજુરી ઉપરનો હમેશનો કબજો, જેમાં જાપાન ઝાંખુંએ પડી ચૂક્યું છે તેનાથી દૂર રહીને પાર પાડવા ઇચ્છે છે.....સ્વદેશી હિલચાલ તે નવીન હિંદનો પ્રારંભ છે. આવી હિલચાલને બેવફા કહેવી તે અસત્ય અને નિંદા છે. ઇંગ્લાંડને તેની આટલી બધી ભૂલો હોવા છતાં આપણે ચાહીએ છીએ પણ હિંદને આપણે તેનાથી વધારે ચાહીએ છીએ. જો આનો અર્થ બેવફાદારી થતો હોય તો અમે કહેવાને મગરૂર છીએ કે અમે બેફવા છીએ. પણ એવો કોઇ ઇંગ્રેજ બચ્ચો છે જે ખરેખર મનમાં એમ ધારતો હોય કે આ દેશની આર્થિક પ્રગતિ ઇંગ્લાંડની સાથેના આપણા સંબંધને ટુકો કરશે ? ઉલટું હિંદનો આર્થિક ધોધ અટકાવી તે શું બે દેશોને મજબૂત રીતે સાથે બાંધી દેશે નહિ?"

"અહીં તમને અત્રે સંભારવાની જરૂર નથી કે સ્વદેશીઝમ એ કાંઇ નવો મત નથી: બંગાળાના ભાગલા પડયા તે પહેલાં ઘણા સમયપર તેના ઘણા ભક્તો હતા, અને કલકત્તાની ૧૯૦૧ ની રાષ્ટ્રિય કૉન્ગ્રેસે ભરેલા ઔદ્યોગિક અને ખેતીવાડીના પ્રદર્શનમાં તેનો આવિર્ભાવ થએલો જણાતો હતો. કંઇપણ અને પ્રત્યેક વસ્તુ જે ઇંગ્રેજી હોય તેની સામે તે વૈરભાવનું સૂચન કરતી નથી પણ ફક્ત આપણી ઔદ્યોગિક જીંદગીની જાગ્રતી રૂપે તે છે. સ્વદેશી હિલચાલ દેશના ઔદ્યોગિક વધારાનું મુખ્ય પ્રવર્તક બળ છે, અને જે લોકો એમ કહે છે કે બંગાળા ફક્ત વાતોજ કરી જાણે છે તેમને સ્મરણ કરાવવાની આ તક લઉં છું કે આ વર્ષમાં હુન્નર ઉદ્યોગની કેળવણીના વધારાને માટે બંગાળી લોકોએ દસ લાખ રૂપિયાથી વધારે રકમ આપી છે...

...પણ આ હિલચાલનું સર્વથી વધારે આશા આપતું તત્ત્વ એ છે જે સામાન્ય જનવર્ગ અને કેળવાએલા લોકોને તેણે ભેગા આપ્યા છે કારણ કે જે લાંબા કાળની ગરીબાઇમાં કારીગર અને મજૂર વર્ગ

પચી રહેલો છે તેમાંથી કાંઇક શાંતિ મળવાનું તે વચન આપે છે .....વળી સરકારે આપણા પ્રદર્શનની વ્યવસ્થામાં જે મદદ આપી છે તે સ્વદેશી હિલચાલ પ્રત્યે તેમનો સારો ભાવ જણાવી આપે છે..... મ્હને ખાત્રી છે કે સરકારનું આ કૃત્ય જે ગાંઠથી તે અને પ્રજા બંધાવવી જોઇએ તેને વધારે દૃઢ કરશે.....પહેલાના સમયમાં રાજ્યકર્તી પ્રજા તેના તાબાની પ્રજાના સંબંધમાં જે અંકુશ હાલ તેના પર માલુમ પડે છે તેને બંધનકારક ગણતી નહોતી. સત્ય છે કે પ્લેટોના ધારા હજી સુધી રાજ્યનીતિવેત્તાઓના ધારા થયા નથી, છતાં એટલું તો હાલ સર્વ સ્થળે માન્ય થયું છે કે તાબાની પ્રજાને દરિદ્ર બનાવવી તે મૂર્ખાઇ ભરેલું છે એટલુંજ નહિ પણ નીતિની દૃષ્ટિએ જોતાં પણ ખોટું છે.

મિસિસ એની બિસેન્ટ અને સ્વદેશી.

"હિંદી કારીગરી, હિંદી બનાવટ અને હિંદી મજુરીને ઉત્તેજન આપવું એ દરેકે દરેક સ્વદેશવત્સલ હિંદીની પ્રથમ ફરજ છે; નહિ કે દૂરિઆંપાર જઇ અસંખ્ય પરદેશી વસ્તુઓ લાવવી, પણ પોતાના દેશભાઇઓનેજ કામ આપવું. હિંદુસ્થાનની કારીગરી અને બનાવટને આપણે સઘળાંએ ઉત્તેજન આપવું જોઇએ. અને હિંદમાં હિંદની બનાવટનીજ વસ્તુઓ વાપરવી જોઇએ. હિંદી કારીગરીએ સૌંદર્ય અને સફાઇને માટે આખી દુનિયામાં નામ મેળવ્યું છે ત્યારે મનુષ્યો જેમની પોતાનીજ ભૂમિપર આવી કારીગરી હયાતી ભોગવે છે તેમણે બર્મિન્ગહામ અને માન્ચેસ્ટર સુધી જઇને ઉપરથી ટાપટીપવાળી ત્યાંની વસ્તુઓ શા માટે ખરીદવી જોઇએ? અને પોતાના દેશનો બનાવેલો માલ છોડીને પારકા દેશનો ખરીદીને શા માટે તેમણે સારી કારીગરીને ઉત્તેજન આપવાને બદલે ખરાબ કારીગરીને ઉત્તેજન આપવું જો-

પ્રજાએ ? હિંદના પ્રજાકીય હુન્નરનો નાશ થવા દેવા માટે કોઈ પણ જાતનું બહાનું કહાડી શકાય તેમ નથી, કારણ કે કોઇ પણ પ્રજાની આબાદી જ્યાં આ અગત્યની વસ્તુ છે, અને મુખ્યત્વે કરીને મનુષ્યની બુદ્ધિની સ્થિરતા ઉપર આધાર રાખતા જૂદાજૂદા પ્રકારના હુન્નરોને ઉત્તેજન બહુધા લોકોને સુધારે છે અને પ્રજાની ભૌતિક ઉન્નતિને આગળ વધારે છે.....તમે પરદેશની બનાવટનો માલ વાપરી તમારા સુંદર પ્રજાકીય હુન્નરને નુકશાન કરો છો અને પારકા માલને ઉત્તેજન આપવાનું ચાલુ રાખી હિંદી વ્યાપારનો અંત આણો છો જેના પરિણામે હિંદ ગરીબ થતું જાય છે, અને હિંદીઓ ધંધાહીન બનતા જાય છે... ઇંગ્લાંડના લોકો હિંદની કારીગરીની વસ્તુઓ માટે ભારે કીમ્મત આપવાને તૈયાર હોય છે તે તરફ લગાર તમારી દૃષ્ટિ ફેંકો. હું તેટલા માટે તમને તમારા પોતાના મજૂરોને આશ્રય આપવાને વિનવું છું અને તે પ્રમાણે તમે કરશો તો તમારા પોતાના કારીગરો અને હુન્નરોને બળ મળશે અને તમારી પ્રજાકિય સમૃદ્ધિનો ઉદ્રો અને દૃઢ પાયો નંખાશે... વળી જે પરદેશીઓ તેના સૌંદર્યની ખાતર હિંદી માલ ખરીદે છે તેમની તરફથી તેને માટે નિરંતર માગણીઓ આવ્યા કરશે. અને આપણે ધનાઢ્ય માણસોને ભાર મેલીને કહેવું જોઇએ કે મોઘો સરસામાન ખરીદવા ઇંગ્લાંડ નાણું મોકલવાને બદલે તેમની આસપાસ પોતાની માતૃભૂમિમાં જે હુન્નર છે તેને ઉત્તેજન આપવામાં પોતાને ત્યાંજ તેમણે પૈસા ખરચવા; જેથી કરીને એવા પ્રકારનો પ્રજામત ઉત્પન્ન થઇ શકે કે જે કોઇ રાજવંશી અગર રાજા જે પોતાના દેશમાં માલ બનાવરાવવાને બદલે પરદેશી વસ્તુઓથી પોતાના મહેલને ભરી કહાડે તેના ઉપર 'શરમ'ના ધિક્કાર નાંખે; અને તેમ થતાં તેનો પૈસોતેના પોતાના લોકોના સુખ અને સંતોષમાં અભિવૃદ્ધિ કરશે અને પ્રજાકીય આબાદીને બળ આપશે. આનાથી પ્રજાત્વની લાગણી જાગૃત થશે, જે

ઉંચા પડમાંથી નિતરીને નીચે વહી પ્રજાનું પુનરુજ્જીવન કરશે, અને લોકોનાં ભૌતિક જીવનમાં પોતાનાં મૂળ ઉંડાં ઘાલી આખા ભારતવર્ષની સ્નેહગ્રંથિ નજીકને નજીક ગુંથીને તેને એકત્ર કરશે, અને તેમ થતાં તેનું ઐક્ય સિદ્ધ દશાને પહોંચશે અને હિંદીઓ પોતાને એક પ્રજા તરીકે ઓળખશે."

ઓ. પંડિત મદનમોહન માલવીયા અને સ્વદેશી હીલચાલ.

"સ્વદેશીની બાબતમાં તમને વિનંતિ કરવાની ભાગ્યેજ જરૂર હોઇ શકે. સ્વદેશી હિલચાલ તરફ આપણા લોકોનાં મન થોડો સમય થયાં વધુને વધુ દોરાતાં જાય છે તેમાં હું ઇશ્વરનો હાથ જોઉં છું. આપણા લોકોની સ્થિતિ સુધારે અને તેમનો અભ્યુદય કરે એવાં જે જે સાધનો છે તેમાં સ્વદેશી હિલચાલને હું ઘણુંજ અગત્યનું સ્થાન આપું છું. સ્વદેશાભિમાનને તેની જરૂર છે, મનુષ્યત્વ તેને ગ્રહણ કરવાની આજ્ઞા આપે છે અને કોઇપણ જાતનો હાલની પરિસ્થિતિનો વિચાર જે તમારા મનમાં ઉદ્ભવે તે, સ્વદેશી હિલચાલને હાલને માટે એટલુંજ નહિ, પણ ભવિષ્યના ઘણા કાળ માટે, અમલમાં મેલવાની તમને ફરજ પાડશે. સદ્ગૃહસ્થો, એવો એક સમય હતો કે જ્યારે આ દેશ અને તેમાં વળી આ સુરત શહેર દુનિયામાં તેના શ્રેષ્ઠ ઉદ્યોગોને માટે ખ્યાતિ પામ્યું હતું. તે સમય અને વસ્તુસ્થિતિ બદલાઇ ગઇ છે; ઉદયનું ચક્ર નીચે ગયું છે. હિંદી સાળો અને હિંદી કારીગરોની સ્થિતિ બદલાઇ ગઇ છે. હવે દરેક દરેક ચીજ—આપણા હમેશના વપરાશની ચીજ, ગમે તેવી ન્હાની હોય તે પણ—આપણને યુરોપથી મળે છે. જુઓ, આને માટે આપણે ઘણા દિલગીર થવું જોઇએ. આપણે

આ વસ્તુસ્થિતિ બદલવાને માટે કમર કસવી જોઇએ. આ પળેજ દેશમાં મહાન્ દુર્ભિક્ષ પડેલો છે..... દુકાળ હવે દર ત્રીજે વર્ષે આપણી મુલાકાત લે છે. છેલ્લા દસકામાં આપણે અનેક દુકાળો જોયા છે, અને છેલ્લા સૈકામાં જોઇએ તેટલા દુકાળો પડયા છે..... .....ફેમિન કમિશને તેના નિવારણના ઉપાય તરીકે ભલામણ કરેલી છે કે "ઉદ્યોગોનું પુનરૂજ્જીવન કરી લોકોને બળવાન્ કરો અને ખેતી શિવાય લોકોને માટે અધાર રાખવાને બીજા માર્ગ સોધો." ..... આ દેશ શિવાય બીજો એવો એકે દેશ નથી કે જેને સેવાની વધારે જરૂર હોય. આ ગરીબાઇ નીચે કચડાતા લોકોની ભૂમિની સેવા કરવા કરતાં બીજું એકે પુણ્યનું કામ અન્ય સ્થળે હોય તેમ હું માની શકતો નથી.....સ્વદેશી હિલચાલ દિવસે દિવસે વધે છે એ આનંદની બીના છે. છતાં મ્હને ભય છે કે લોકોની જરૂરીઆતોના પ્રમાણમાં તે વધતી નથી. આપણે સ્વદેશી વિષે ઘણી વાતો થતી સાંભળીએ છીએ, પણ હજી મ્હને નથી લાગતું કે લોકો તેમના દેશપ્રતિ કર્તવ્ય તરીકે તેને પીછાનતા હોય. યાદ રાખો કે તમારી પ્રજા તરફ એ તમારૂં મહાન્ કર્તવ્ય છે. યાદ રાખો કે તે એવું કર્તવ્ય છે કે જેને બીજી પ્રજાઓએ પીછાન્યું છે અને તેને અમલમાં મેલી લાભ મેળવ્યો છે. ઇંગ્લાંડે ઘણાં વર્ષ પૂર્વે તેને સ્વીકાર્યું હતું. એમેરીકાએ તેનો સ્વીકાર કર્યો, અને ઑસ્ટ્રેલીઆએ પણ તેનો સ્વીકાર કર્યો છે. તેઓ સ્વદેશીને અમલમાં મેલવું એ પોતાનો ધર્મ સમજે છે. ઇંગ્લાંડ અત્યારે તેને માટે મગરૂર છે.....હિંદી બનાવટની ચીજો તમને મળી શકતી હોય તો ભપકાવાળી અને સસ્તી પણ પરદેશી બનાવટની ચીજ તમે ખરીદશો નહિ. તમારા દેશભાઇઓના ગજવામાં થોડાં ઘણા પૈસા નાંખે એવી ચીજો ખરીદજો. યાદ રાખજો કે તેમ કરીને તમે કેટલાક ભૂખ્યા લોકોને અન્નભેગા કરવાનો પ્રયત્ન કરો છો....."

NATIONAL ARCHIVES OF INDIA

વિનંતિપત્ર.

"છેવટે હું સ્વદેશી હિલચાલની તરફેણમાં ખરા અંતઃકરણથી વિનંતિ કરૂં છું. સ્વદેશી હિલચાલની આસપાસ એકઠા થાઓ, અને તેનો ઝંડો ઉઠાવો. ગામે ગામ, શહેરે શહેર અને પ્રાન્તે પ્રાન્ત તેને ફેરવો અને આ મોટા ઇલાકાના સર્વ સ્થળે આ મહાન આનંદનો સુખદાયક સંદેશો પહોંચાડો. સ્વદેશી હિલચાલ આપણને દુકાળ, મરકી અને મરીબાઇની સંગમાં માલુમ પડતાં, અસંખ્ય સંકટોથી બચાવશે. સ્વદેશીનું વ્રત ગ્રહણ કરો અને તેથી તમે તમારા ઔદ્યોગિક અને રાજકીય છુટકારાનો મજબુત પાયો રોપશો. દરેક બાબતમાં, તમારા વિચાર અને આચારમાં, તમારા ઉદ્દેશ અને ધારણાઓમાં સ્વદેશી બનો. વિશુદ્ધિ અને આત્મભોગના પ્રાચીન દિવસોને પાછા આણો. જે સમયે ઋષિ મુનિઓ ઈશ્વરસ્તવન કરતા અને મનુષ્યોનું કલ્યાણ કરતા હતા. તે પ્રાચીન સમય ભારતવર્ષને ફરી દેખાડો. સમગ્ર એશિયા નવા જીવનના ધબકારાથી ઉછળી રહ્યો છે. પૂર્વમાં સૂર્યનો ઉદય થઈ ચૂક્યો છે. જપાને તે ઉગતા સૂર્યને આદર સહિત વધાવી લીધો છે. તે સૂર્ય ખરા મધ્યાન્હના તેજથી આપણા દેશમાં પ્રકાશશે. અરે, તે કીર્તિવંત પ્રસંગને માટે સજ્જ થાઓ. માતૃભૂમિની સેવામાં પૂરેપૂરા આત્મસંયમથી તમારી જાતને સમર્પો. આ મહાન અને પ્રાચીન ભૂમિની સેવાની દીક્ષા લ્યો. સઘળા મતભેદને દાટી દયો, સઘળા કલહ અને દ્વેષને શાંત કરો અને આપણી માતૃભૂમિની નિરાધાર અવસ્થામાં પક્ષાપક્ષના ભેદના પરસ્પર વિરોધી અવાજ સમાવી દયો. સ્વદેશી હિલચાલ, વિદેશી ઉદ્દેશો, વિદેશી વિદ્યા, અગર વિદેશી કળાઓ અને ઉદ્યોગોને બાતલ કરતી નથી. પણ તેનું પ્રજાકીય ધોરણમાં એકરૂપ કરી નાંખી તેને પ્રજાકીય હાજતોને અનુકૂળ કરી તેને પ્રજાના જીવનમાં એકમય કરી નાંખવાનો આગ્રહ કરે છે. સ્વદેશી હિલચાલ વિષે મ્હારો આ મત છે. વળી એક વખત સ્વદેશી હિલચાલ તરફથી હું તમને પ્રતિજ્ઞા લેવાનુ કહું છું કે તમે આજથી હમેશ માટે તમારી માતૃભૂમિની સેવામાં તમારા ખરા અંતઃકરણથી કામે લાગશો તેને માટે તમારૂં જીવન ગાળશો અને પ્રાણ અર્પશો અને ઇશ્વર આપણા દેશને આબાદ કરશે. 'वन्दे मातरम्।'"

શ્રીયુત સુરેન્દ્રનાથ બેનરજી.

NATIONAL ARCHIVES OF INDIA

હિંદના દાદા અને સ્વદેશી.

"સ્વદેશી" તે કાંઇ આજકાલની વસ્તુ નથી. મ્હારા જાણવા પ્રમાણે તે મુંબાઇમાં ઘણા વર્ષથી અસ્તિત્વ ભોગવે છે. હું ક્વીનજકાની વેપારનો હિમાયતી છું તથા કોન્ડન કલબની વ્યવસ્થાપક સભામાં વીસ વર્ષથી સભાસદ છું, છતાં હું કહું છું કે "સ્વદેશી" તે હિંદને માટે તેના અસ્વાભાવિક આર્થિક ગુંચવાડામાં એક તેના માથે ભાગેલી જરૂરીયાત છે. જ્યાં સુધી હિંદનાં બાળકોનાં ખર્ચે અને તેમની દરિદ્રતાએ પારકા દેશનાં બાળકોના પગાર, પેન્શન વગેરેમાં ૨૦ કરોડ રૂપિયા પતિવર્ષ પુરા પાડવાની પોતાની ફરજને લીધે હિંદની આર્થિક સ્થિતિ અસ્વાભાવિક અને નિર્ધન છે ત્યાં સુધી હિંદુસ્થાનની સ્થિતિને સામાન્ય આર્થિક નિયમો લાગુ પાડવા તે તેને દાઝયા પર ડામ દેવા બરોબર છે. આ વિષયપર મેં એટલું બધું વારંવાર કહેલું છે કે તે વિષે હું વધારે કહેવા માગતો નથી. હું મ્હારાં પુસ્તક જોવાની ભલામણ કરું છું. હું કોઇ પણ ઇંગ્રેજ ગૃહસ્થને આ પ્રશ્ન પૂછું છું કે કોઇ ઇંગ્રેજ હિંદના આ અસ્વાભાવિક આર્થિક ગુંચવાડાને ઇંગ્લાંડમાં દોઢસો વર્ષની વાત બાજુએ મૂકેલતાં, એક દિવસ પણ નભાવશે? ના, કદી નહિ; ના, સન્નારીઓ અને ગૃહસ્થો, ઇંગ્લાંડ કદી પણ તેના તાબે નહિ થાય. મી. મોર્લીના શબ્દો જે મેં પ્રારંભમાં ટાંક્યા છે તેમાં બોલું તો "આર્થિક વસ્તુઓમાં ગેરવ્યાજબી હાથ ઘાલવો તેજ આપણા પ્રજાકીય અસ્તિત્વના ખરેખરા જીવનની, તેના ખરેખરા હૃદયની તેના ખરેખરા અંતર ભાગની પાયમાલી કરે છે."